| | |
|---|---|
| | દાખલ તારીખ. – ૦૬/૧૨/૨૦૧૯. |
| | રજીસ્ટર તારીખ. – ૦૬/૧૨/૨૦૧૯. |
| | ફેસલ તારીખ. – ૩૦/૦૩/૨૦૨૬. |
| | સમયગાળો– વર્ષ–૦૬, માસ–૦૩, દિવસ–૧૮ |

सत्यमेव जयते

---

## નર્મદા જીલ્લાના મહે.એડી.સીનીયર સીવીલ જજ સાહેબની અદાલત સમક્ષ,મુ.રાજપીપળા.

---

**રેગ્યુ.સીવીલ સ્યુટ નં. ૧૯૭/૨૦૧૯**

આંક–૮૦

વાદી –: **બચુભાઈ રૂપાભાઈ વસાવા**
ઉ.વ.આ.૫૩, ધંધો.ખેતી
રહે. આમલેથા, તા.નાંદોદ, જી.નર્મદા.

**:–વિ રૂ દધ–:**

પ્રતિવાદીઓ –: (૧) **ભંગડાભાઈ પુનીયાભાઈ વસાવા**
ઉ.વ.આ.૬૨, ધંધો.ખેતી.
(૨) **મચાડીબેન પુનિયાભાઈ વસાવા**
ઉ.વ.આ. ૭૫, ધંધો.ખેતી.
રહે. નાનાહેડવા, તા.નાંદોદ, જી.નર્મદા.
(૩) **સરાધીબેન પુનિયાભાઈ વસાવા**
ઉ.વ.આ. ૭૦, ધંધો.ખેતી.
(૪) **સુમનભાઈ ઈશ્વરભાઈ વસાવા.**
ઉ.વ.આ.૩૫, ધંધો.ખેતી.
(૫) **શનુભાઈ સોમાભાઈ વસાવા.**
ઉ.વ.આ.૫૦, ધંધો.ખેતી.
નં.૧ ,૩ થી ૫ રહે. આમલેથા, તા.નાંદોદ, જી.નર્મદા.

---

**દાવો**:–સ્પેશીયલ રીલીફ એકટની જોગવાઈ મુજબ કાયમી મનાઈહુકમ તથા હકકની જાહેરાત માટે રૂ.૧૦૦૦/ (એક હજાર)ના આંકથી...

---

વાદીપક્ષ તર્ફે વિ.વકીલ – શ્રી કે.જે.પંચાલ.
પ્રતિવાદીપક્ષ નં. ૧ તર્ફે વિ.વકીલ – શ્રી એ.એ.તડવી.

---

**–: જજમેન્ટ :–**

**(૧)...** દાવાની ટુકી વિગતનુ વર્ણન કરતાં પહેલા એ ઉલ્લેખ કરવો જરૂરી જણાયેલ છે કે,હાલનો દાવો અગાઉ રાજપીપલાના મહે. સિનિયર સિવિલ કોર્ટ સમક્ષ દાખલ થયેલ હતો. તે કામે બંને પક્ષકારના પુરાવા રજુ થઈ **તા.૦૫/૧૦/૨૦૨૩** ના રોજ આખરી ચુકાદો જાહેર કરવામાં આવેલ. તે હુકમ મુજબ '' વાદીનો દાવો મંજુર કરવામા આવેલો. વધુમા હુકમ કરવામા આવેલ કે, વાદીઓના સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાના ઘર નંબર ૪૦૩ ની પશ્ચિમ દીશા તરફ વાદીની માલીકીની જમીનમા આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના એજન્ટ મારફત કોઈપણ પ્રકારનુ ગેરકાયદેસર દબાણ કરે કરાવે નહી તેમજ વાદવાળી જમીનનો બળજબરીથી કબજો છીનવી લઈ લેવડાવે નહી કે વાદવાળી જમીનનો ઉપયોગ કરતા કોઈપણ પ્રકારની ગાળો કે ધમકી આપે અપાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ આપવામા આવેલો.'' **આ હુકમ વિરુધ્ધ સદર દાવાના પ્રતિવાદીઓ ધ્વારા નામ.ડીસ્ટ્રીકટ જજ સાહેબની કોર્ટ સમક્ષ રેગ્યુલર સીવીલ અપીલ નંબર ૨૯/૨૦૨૪ ની દાખલ કરવામા આવેલી. તે કામે નામ.ડીસ્ટ્રીકટ કોર્ટ ધ્વારા તા.૧૫/૧૦/૨૫ ના રોજ હુકમ ફરમાવેલ છે કે,**

–: ORDER : –

(1) The appeal is hereby partly allowed.

(2) The judgment and decree passed in RCS No. 197/2019 on dated 05/10/2023 by the Trial Court is hereby quashed and set aside and matter is sent back to Trial Court for a fresh decision on merits. Further, ld Trial Court is hereby directed to give opportunities to both the sides to lead further evidence and

arguments and thenafter decide the matter on merits within 6 months from the date of this order.

(3) Parties are directed to bear their own costs.

(4)........

(5)........

(6)........

આમ નામદાર જીલ્લા અદાલતના સદર આદેશ અનુસાર અપીલના કામે હુકમ થઈ અપીલ મંજુર કરી બંને પક્ષોને ફરીથી વધુ પુરાવા રજુ કરવા તક આપી હુકમ થયા તારીખથી છ માસના સમયગાળામા કાર્યવાહી પૂર્ણ કરવા તા.૧૫/૧૦/૨૦૨૫ ના રોજ હુકમ કરેલ છે.

**(૨)..** સદર હુકમ મુજબ આ અદાલત ધ્વારા દાવાના કામના બંને પક્ષકારોને નામ.જીલ્લા અદાલતના હુકમ મુજબ દાવાના કેસની આગળની કાર્યવાહી આગળ ચલાવવા માટે નોટીસ કરવામા આવેલી. બંને પક્ષકારોને નોટીસોની બજવણી થયેલ છે. તેઓ તેમના વિ.વકીલશ્રી મારફતે હાજર થયેલા છે. તે બાદ વાદી તરફે **આંક. ૭૦ અને ૭૧** થી તેમના દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે. પ્રતિવાદીપક્ષ તરફથી અગાઉ દાવાના કામે જે પુરાવા રજુ કરવામા આવેલ હતા તે સિવાય અન્ય કોઈ પુરાવા કેસ રીમાન્ડ થયા બાદ રજુ કરવામા આવેલ નથી. તે બાદ બંને પક્ષકારોની મૌખીક રજુઆત સાંભળવામા આવેલ છે.

**(૩)..** વાદીના દાવા અરજીની ટુકી વિગત એવી છે કે, વાદીની સ્વતંત્ર માલીકી કબ્જા ભોગવટાનો મકાન નંબર ૪૦૩ આમલેથા ગામે આવેલ છે. તે મકાનનો જુનો બ્લોક વાડા નંબર ૭૪ અને નવો બ્લોક વાડા નંબર ૫૦૨ છે.આ મકાનમા વાદીઓ તેમના ઘરના સભ્યો સાથે રહે છે. આ મકાનની જમીન વાદીએ તેમના ગામના વેરાગીભાઈ મેલીયાભાઈ વસાવા, ઈચ્છાભાઈ મેલીયાભાઈ અને શનુભાઈ સોમાભાઈ પાસેથી તા.૦૫.૦૧.૨૦૦૧ ના રોજ રૂ.૬૩૦૦/-( અંકે રૂપિયા છ હજાર ત્રણસો)મા તેઓના ભાગના વાડાની વેચાણ રાખેલુ. આ મકાનની ચર્તુસીમા નીચે મુજબ છે.

**પુર્વ** – જાહેર રસ્તો.

**પશ્ચિમ**–મગરા અમરાનો વાડો.

**ઉત્તર** – જગદીશ રમણનો વાડો.

**દક્ષિણ** – દીવાલ ચુનીયાનો વાડો.

આ જગ્યા પુર્વ પશ્ચિમ ૩૬ ફુટ અને ઉત્તર દક્ષિણ ૬૦ ફુટ છે. પ્રતિવાદીઓ વાદવાળા વાડાના સહમાલીક છે. તેઓ વચ્ચે વાડાની વહેચણી થઈ ગઈ છે. તે મુજબ વેરાગીભાઈ તેમના ભાઈ ઈચ્છાભાઈ મેલીયાભાઈ તથા શનુભાઈ સોમાભાઈ તેમના હીસ્સામા આવેલો વાડો તેમજ મકાન સને ૨૦૦૧ ની સાલમા વેચાણ આપી દીધેલ જે આધારે તેઓની કબુલાત અને સંમતિના આધારે વાદીનુ નામ ગ્રામપંચાયતના દફતરે ઘર નંબર ૪૦૩ થી દાખલ થયેલ છે. પ્રતિવાદીઓને આ જમીનમા કોઈપણ પ્રકારનો લાગ ભાગ નથી તેમ છતા વાદીના કબ્જામા આવેલ વાડામા ખોટી રીતે દબાણ કરવાની કોશીશ કરે છે અને તેથી હાલનો દાવો કરવાની જરૂરીયાત ઉભી થયેલ છે. **દાવાની વિગતે દાદ માંગેલ છે કે,** દાવા અરજીના પેરા નંબર ૧ મા જણાવેલ વાદીના માલીકી કબ્જા ભોગવટાના ઘર નંબર ૪૦૩ ની પશ્ચિમ દિશા તરફ તેમની માલીકીની જમીનમા પ્રતિવાદી જાતે કે તેમના એજન્ટ મારફતે કોઈપણ પ્રકારે ગેરકાયદેસર દબાણ કરે કરાવે નહી કે દાવાવાળી જમીનનો બળજબરીથી કબ્જો છીનવી લે લેવડાવે નહી કે જમીનનો વાપર ઉપયોગ કરતા કોઈપણ પ્રકારની ગાળો કે ધાકધમકી આપે અપાવે નહી તેવો કાયમી મનાઈ હુકમ અપાવવા તથા અદાલતને યોગ્ય લાવે તેવી બીજી દાદ અપાવવા તથા દાવાનુ ખર્ચ અપાવવા જણાવેલ છે.

**(૪)..** સદર દાવો દાખલ થતા તે લગત અદાલત ધ્વારા હુકમ ફરમાવી પ્રતિવાદીઓ વિરૂધ્ધ સમન્સ ઈસ્યુ કરવા હુકમ કરવામાં આવેલો. સમન્સની બજવણી થતા તેઓ તેમના વિધ્વાન વકીલશ્રી મારફતે હાજર થયેલ. વાદીની દાવા અરજી લગત **આંક.૧૨** થી લેખીત જવાબ રજુ કરેલ. આ જવાબની મહત્વની હકીકતો વંચાણે લેતાં તેમા જણાવવામા આવેલ છે કે, વાદીની દાવા અરજી તદ્દન ખોટી અને ગેરકાયદેસરની છે. સ્પષ્ટપણે કબુલ કર્યા સીવાય ની દાવા તથા મનાઈ અરજીની કોઈ હકીકત તેમને કબુલ મંજુર નથી. દાવાવાળી જમીન ઉપર વાદીનો કબ્જો ભોગવટો નથી. વાડાની જગ્યા પ્રતિવાદીઓ પાસે છે. વાદી ઘર નંબર ૪૦૩ થી આમલેથા ગ્રામ પંચાયતમા તે ઘર નોધાયેલાનુ જણાવે છે તે વાડા નંબર ૭૪ મા પડેલ નથી પરંતુ વાદી તેના નામે આવેલા ઘરનો નંબર જણાવી કોર્ટને ગેરમાર્ગે દોરે છે. વાદીને વાડો

વેચાણ આપેલ નથી. લખાણ કરેલ નથી. જમીનના ભાગ પડેલ નથી અને આજેપણ સદર જમીન તેમના સયુંકત નામે ચાલે છે. ખરી હકીકતે વાડા નંબર ૭૪ નવો નંબર ૫૦૨ નો કબ્જો આજે પણ પ્રતિવાદી નંબર ૧ થી ૫ પાસે છે અને તેનો વાપર ઉપયોગ પ્રતિવાદી કરે છે. વાદી પાસે દાવાવાળી જગ્યાનો કબજો નથી. વાડામા તેમનો કોઈપણ પ્રકારનો લાગ ભાગ નથી,સમયમર્યાદામા દાવો દાખલ કરેલ નથી, સત્ય હકીકતો છુપાવીને દાવો કરેલ છે તે નામંજુર કરવો જોઈએ.

(૫)..દાવા અરજીની વિગત પુરવાર થવા માટે વાદી તર્ફે નીચે મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**–: મૌખિક પુરાવો:–**

| ક્રમ. | આંક. | સાહેદનું નામ. |
|---|---|---|
| ૧. | ૩૪. | વાદી બચુભાઈ રૂપાભાઈ વસાવાની જુબાની. |
| ૨. | ૩૬. | વાદી તર્ફે સાહેદ અમરતભાઈ ખાલપાભાઈ વસાવાની જુબાની. |
| ૩. | ૩૯. | વાદી તર્ફે સાહેદ હેતલબેન ડી.કહારની જુબાની. |

**– : દસ્તાવેજી પુરાવો:–**

| ક્રમ. | આંક. | દસ્તાવેજનું વર્ણન. |
|---|---|---|
| ૧. | ૨૮. | અસલ વેચાણ કરાર. |
| ૨. | ૨૯. | વાડા નં.૭૪ નો ૭/૧૨નો ઉતારો. |
| ૩. | ૩૦થી ૩૩. | ઘરનં.૪૦૩ ની અસલ વેરા પાવતી.કુલ.૪ |
| ૪. | ૪૦,૪૧ | આકરણી પત્રક. |
| ૫. | ૪૨. | ખેતરવાર પત્રક |
| ૬. | ૪૩. | ગામ નમુના નં. ૨ ની નકલ |
| ૭. | ૪૪. | બચુભાઈનુ નિવેદન |
| ૮. | ૪૫. | પંચકયાસ |
| ૯. | ૪૬. | ગામ નમુના નં. ૭ |
| ૧૦. | ૭૦. | તલાટી કમ મંત્રીશ્રી રૂબરૂનો પંચકયાસ. |
| ૧૧. | ૭૧. | તલાટી કમ મંત્રીશ્રીએ સર્વે નં. ૫૦૨ ની ચર્તુસી:મા સહિતનો તૈયાર કરેલ નકશો. |

આંક–૭૩ થી વાદીતર્ફે કલોઝીંગ પુરસીસ રજુ કરી તેમનો પુરાવો બંધ થયેલ જાહેર કરેલ છે.

(૬).. પ્રતિવાદીપક્ષ તરફથી તેમના બચાવની વિગત પુરવાર થવા નીચે મુજબ મૌખીક તથા દસ્તાવેજી આધાર પુરાવા રજુ કરેલ છે.

**–: મૌખિક પુરાવો:–**

| ક્રમ. | આંક. | સાહેદનું નામ. |
|---|---|---|
| ૧. | ૪૯ | પ્રતિવાદી નં.૪ ની સુમનભાઈ ઈશ્વરભાઈની જુબાની. |

પ્રતિવાદીપક્ષ તર્ફે આંક.૭૪ થી પુરસીસ રજુ કરી તેઓ તર્ફે વધુ કોઈ પુરાવા રજુ કરવા માંગતા નથી તે મુજબની જાહેરાત કરી તેઓનો પુરાવો બંધ થયેલ જાહેર કરેલ છે.

(૭).. આમ પક્ષકારોનો પુરાવો પુર્ણ થયા બાદ સદર કામ પક્ષકારો તર્ફે લેખીત/મૌખીક દલીલ સાંભળવા સારૂ રાખવામા આવેલ. વાદીપક્ષ તર્ફે વિ.વકીલશ્રી ધ્વારા તેમની મૌખિક રજુઆતની વિગતે જણાવેલ છે કે, દાવાઅરજીની વિગત તેઓએ પુરતા પુરાવા રજુ કરી પુરવાર કરેલ છે. નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટ ધ્વારા વિગતે હુકમ ફરમાવી દાવાના કામે પક્ષકારોને પુરાવો રજુ કરવાની તક આપવા માટે જણાવેલુ હતુ. તે બાદ વાદી તર્ફે વાદવાળી જમીન સબંધમા નકશાનો દસ્તાવેજ રજુ કરેલ છે. આમ, વાદીએ તેમની દાવા અરજીની વિગતે સ્પષ્ટરીતે પુરવાર કરેલી છે તેથી દાવાની વિગતે માંગ્યા મુજબની દાદ મંજુર કરવા જણાવેલુ છે.

પ્રતિવાદીપક્ષ તર્ફે **આંક.૭૯ થી લેખિત દલીલ રજુ કરેલ છે.** આ દલીલ લેખિત સ્વરૂપ મા રેકર્ડમા રજુ હોય રેકર્ડનો ભાગ હોય તેની સંપૂર્ણ અક્ષરસહ વિગત અત્રે વર્ણવવી ઉચિત જણાયેલ નથી તેથી વર્ણવેલ નથી પરંતુ સમગ્ર દલીલ વંચાણે લેવામા આવેલી છે. આ દલીલની મહત્વની વિગતો વંચાણે લેતા તેમા જણાવવામાં આવેલ છે કે, નામદાર જિલ્લા અદાલત ધ્વારા અપીલના કામે હુકમ ફરમાવેલ છે કે, ઘર નં. ૪૦૩ ની પશ્ચિમ બાજુએ આવેલી ખુલ્લી જમીનની માલિકી અંગે પુરાવા રજુ કરવાની તક આપીને નવેસરથી નિર્ણય કરવો. વાદી ધ્વારા આમલેથા શેજાના તલાટીશ્રીનાઓ ધ્વારા તૈયાર કરેલ નકશાનો દસ્તાવેજ અને પંચકયાસ રજુ કરેલ છે પરંતુ આવી કામગીરી મહેસુલી તલાટીની કામગીરીમા

આવતી નથી. ડિસ્ટ્રીકટ લેન્ડ રેકર્ડ કચેરી નર્મદાની કામગીરીમા આવે. મહેસુલી તલાટીના પંચકયાસથી દાવાવાળી જમીનની પશ્ચિમ દિશા તરફની જમીનની માલિકીની હકીકત સાબિત થઈ શકે નહિ. **વધુમા વાદવાળી જમીન જમીન મહેસુલ અધિનિયમની કલમ ૭૩(એ)(એ) અન્વયેની નિયંત્રિત સત્તા પ્રકારની જમીન છે. સદર કલમની જોગવાઈ** અનુસાર કાયદેસરની પરવાનગી લેવામા આવેલ નથી. ઘર નંબર ૪૦૩, વાડા નંબર ૭૪ મા પડેલ નથી. **વાડા નં. ૭૪ નવો સર્વે નં. ૫૦૨ મા કુલ ચાર ઘર નંબર પડેલ છે જેમા ઘર નં. ૩૭૭ ભંગડભાઈ પુનીચાભાઈ વસાવાનુ, ઘર નં. ૩૭૮ વૈરાગીભાઈ મેલીચાભાઈ વસાવાનુ, ઘર નં. ૩૭૯ સુમનભાઈ ઈસ્લાભાઈ વસાવાનુ અને ઘર નં. ૩૮૦ શનુભાઈ સોમાભાઈ વસાવાનુ આવેલુ છે. આમ, જુના વાડા નં. ૭૪ ( નવો સર્વે નં. ૫૦૨ ) મા કુલ ચાર મકાન આવેલ છે. વાદી જણાવે છે તેવુ મકાન નં. ૪૦૩ સર્વે નં. ૫૦૨ મા આવેલ નથી** જેથી વાદીનો દાવો નામંજુર કરવા જણાવેલુ છે.

**(૮)...** રજુ પક્ષનિવેદન અને તકરારી બાબત ધ્યાને લઈ મારા પૂર્વગામી ન્યાયાધીશશ્રી ધ્વારા **આંક–૧૬** થી નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલા છે.

**–:મુદ્દા ઓ –:**

(૧).. શું વાદી પુરવાર કરે છે કે, વાદવાળી જગ્યા તેઓની માલિકી કબ્જા ભોગવટા ની છે ?

(૨).. શું વાદી પુરવાર કરે છે કે,પ્રતિવાદીઓ વાદીની જગ્યામાં ગેરકાયદેસર દબાણ કરવાનો પ્રયત્ન કરી રહેલ છે ?

(૩).. શું પ્રતિવાદી પુરવાર કરે છે કે, વાદીએ મિલકતનુ ખોટુ વર્ણન દર્શાવી ઉપજાવેલી હકીકતોને આધારે દાવો કરેલ છે ?

(૪).. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૫).. શું હુકમ અને હુકમનામુ ?

**(૯)..**ઉપરોકત મુદ્દાઓના આ અદાલતના નિર્ણય તેના કારણો સહિત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| મુદ્દા નંબર ૧ | –: | અંશત: હકારમાં. |
| મુદ્દા નંબર ૨ | –: | નકારમાં |
| મુદ્દા નંબર ૩ | –: | નકારમાં. |

મુદ્દા નંબર ૪ –: નકારમાં.

મુદ્દા નંબર ૫ –: આખરી હુકમ મુજબ.

::– **કા ર ણો** –::

(૧૦) ...**મુદ્દા નં.૧ અને ૨**

સદર બંને મુદ્દાની વિગત ધ્યાને લેતાં પક્ષનિવેદનની એક જ હકીકત,પુરાવાના અર્થઘટન સબંધના કારણો તથા લખાણમા સંક્ષિપ્તતા જળવાય તે આશયથી બંને મુદ્દાની ચર્ચા એકસાથે કરવી ઉચિત જણાયેલ હોય બંને મુદ્દાની ચર્ચા એક સાથે કરેલ છે.

વાદી ધ્વારા હાલનો દાવો આમલેથા ગ્રામના પંચાયત દફતરે નોંધાયેલ ઘર નંબર ૪૦૩ તથા તે લગતની જમીન સબંધે કરેલ છે.સદર બાબતે દાવા અરજીના પક્ષનિવેદનની વિગતે જણાવેલ છે કે, સદર મકાન વાદીની માલીકી કબ્જા ભોગવટાનુ છે.આ મકાન (જુનો બ્લોક નં. ૭૪) **નવો બ્લોક નંબર.૫૦૨ છે**.સદર મકાન તથા વાડાની જમીન વાદીએ તા.૦૫.૦૧.૨૦૦૧ ના રોજ રૂ.૬૩૦૦–(અંકે રૂપિયા છ હજાર ત્રણસો) માં વેરાગીભાઈ મેલીયાભાઈ વસાવા, ઈચ્છાભાઈ મેલીયાભાઈ વસાવા તથા શનુભાઈ સોમાભાઈ વસાવા પાસેથી **એમના હિસ્સાની આવેલ તે વેચાણ રાખેલ**. પ્રતિવાદીઓ વાદવાળા વાડાના સહમાલિકો છે.તેઓ વચ્ચે વાડાની વહેંચણી થઈ ગયેલ છે. **આમ વાદવાળી મિલ્કત તરીકે મકાન અને વાડાની જમીન છે.** આમ પ્રતિવાદીઓ વાદવાળા વાડાના સહમાલિકો હોવાની તથા તેઓ વચ્ચે વાડાની વહેંચણી થઈ ગયેલ હોવાની વિગત સ્વીકૃત છે.દાવા અરજીની વિગત પુરવાર થવા વાદી તર્ફે દીવાની કાર્યવાહીના કાયદાના **ઓર્ડર ૧૮ રૂલ ૪** અન્વયે **આંક–૩૪** થી તેમની સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. જે પુરાવાની વિગતમા દાવાઅરજીની વિગત જેવી વિગત જણાવેલ છે.વાદીની સરતપાસ લગત થયેલ ઉલટતપાસ ની વિગતે તેઓ ધ્વારા સ્વીકાર કરેલ છે કે, ''**ઘર નં. ૪૦૩, સર્વે નં. ૭૪ મા જ બનાવેલ તે બાબતનો કોઈ પુરાવો હાલના કામે રજુ કરેલ નથી. આ જમીન પૈકી બે ગુંઠા જમીન વૈરાગીભાઈના હિસ્સે આવેલ હતી અને તેઓ વેચાણ રાખેલી તે બતાવતો કોઈ દસ્તાવેજ હાલના કામે રજુ કરેલ નથી.**''**આ જમીન ૯ ગુંઠાની છે જે પૈકી બે ગુંઠા તેમને વેચાણ આપેલ છે**.તે વાડામા કુલ ત્રણ નામ રેવન્યુ રેકર્ડમા ચાલે છે.તેમનુ નામ ચાલતુ નથી.'' **જમીન પર**

**વીસેક વર્ષથી તેમનો કબ્જો છે. વૈરાગીભાઈ તા.૦૫.૦૩.૧૯૯૮ ના રોજ ગુજરી ગયેલ છે. વાડાની ચર્તુદિશા તેઓ જાણતા નથી.**

આમ વાદી ધ્વારા સ્વીકાર કરેલ છે કે ,''**ઘર નં. ૪૦૩, સર્વે નં. ૭૪ મા જ બનાવેલ તે બાબતનો કોઈ પુરાવો હાલના કામે રજુ કરેલ નથી**.ઘર નંબર.૪૦૩ ચોકકસ કઈ જગ્યાએ આવેલ છે તે બાબત તકરારી બાબત છે. વાદી તથા સાહેદ અમરતભાઈના પુરાવાની વિગતે સદર બાબત પુરવાર થયાનુ જણાયેલ નથી. આંક. ૩૯ થી રજુ તલાટીકમ મંત્રીશ્રી હેતલબેન ડી. કહારનાઓનો સોગંદપરનો પુરાવો વંચાણે લેતા તેઓ ધ્વારા જણાવેલ છે કે, વાદીનુ મકાન નં.૪૦૩ આમલેથા પંચાયતમા આકારણી રજીસ્ટરે નોંધાયેલ છે.ખાનગી મિલ્કતમા વાદીનો ઘર નંબર પડેલ છે.**આંક.૪૧** થી રજુ આકારણી પત્રકના દસ્તાવેજમા **વાદીનો મિલ્કત નંબર.૩૫૭ જણાવેલ છે**. ૩૫૭ વાળી મિલ્કત આ કામે દાવાવાળી મિલ્કત તરીકે નથી. આંક.૪૦ થી ૪૩ સુધીના રજુ આકારણી પત્રકની નકલ તથા ખેતરવાર પત્રકની નકલના દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં તેમા મકાનની નોંધ થયેલી છે પરંતુ આ મકાન ચોકકસ કઈ જગ્યાએ આવેલ છે તે વિગત જણાવેલ નથી.આ દસ્તાવેજે વાદીના મિલ્કત નં બર. ૩૫૭ વાળુ ઘર ''**ઉઘરાદાર ફળીયામા**'' આવેલ હોવાની વિગત જણાયેલ છે. **ખેતરવાર પત્રકના દસ્તાવેજ** ધ્યાને લેતા વાડા નં. ૭૪ વાળી મિલ્કતમા મેલીયા મારૂ તથા પુનીયા મારૂનાઓના નામ તથા ૦.૦૧ છાપરૂ તથા ૦.૦૨ માર્ગ નુ માપ જણાવી ૦.૦૩–૦.૦૯ એ રીતે છે. આ દસ્તાવેજની વિગતે વાદીનુ નામ જણાયેલ નથી. આમ આ દસ્તાવેજી આધારોએ પણ તકરારી બાબતોની વિગત સ્પષ્ટરીતે છતી થતી (પુરવાર થતી) હોય તે રીતની વિગત જણાયેલ નથી. આંક.૪૪ ,૪૫ થી વાદીનો તલાટીકમ મંત્રીશ્રી, આમલેથા નાઓ રૂબરૂનો જવાબ તથા પંચકયાસના દસ્તાવેજ રજુ છે પરંતુ તે દસ્તાવેજની વિગતે જણાવેલી બાબત સબંધે પુરાવા અધિનીયમની જોગવાઈઓ અનુસાર તેવા જવાબ તથા પંચકયાસના દસ્તાવેજોની વિગત પુરવાર ન થાય ત્યા સુધી આપોઆપ તેવી વિગત પુરવાર થયાનુ માની શકાય નહી. વધુમા સદર દાવાનુ કામ રીમાન્ડ થઈ ફરી પુરાવા રજુ કરવા માટે રહેલુ તે બાદ વાદી ધ્વારા **આંક.૭૦ અને ૭૧** થી વાડા નંબર ૫૦૨ વાળી જમીનનો તલાટી કમ મંત્રીશ્રી આમલેથા રૂબરૂનો પંચકયાસ તથા નકશો રજુ રાખેલ છે. આ દસ્તાવેજી

પુરાવાની વિગત ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈઓને આધીન તેવા દસ્તાવેજ તૈયાર કરનાર અધિકારીશ્રીનો સોગંદપરનો પુરાવો રજુ થઈ પુરવાર કરેલ નથી ત્યારે તલાટીકમ મંત્રીશ્રીના સહી સીકકા સાથેનો કોઈ દસ્તાવેજ અદાલત સમક્ષ રજુ થાય તેટલા માત્રથી જ તેની વિગત આપોઆપ પુરવાર થયેલી હોય તેવુ માની શકાય નહી. આમ વાદી દ્વારા રજુ કરેલા પુરાવાની વિગત થકી સદર બાબત સબંધે સ્પષ્ટ પુરાવા જણાયેલ નથી. આમ આ કામે સ્વીકૃત વિગત ધ્યાને લેતા ''**ઘર નં. ૪૦૩, સર્વે નં. ૭૪ મા જ બનાવેલ તે બાબતનો કોઈ પુરાવો હાલના કામે રજુ કરેલ નથી. વાદીનુ નામ વાદવાળી જમીનમા ચાલતુ નથી. વાડા વાળી જમીનની ચર્તુદિશા તેઓ જાણતા નથી** ત્યારે વાદવાળી મિલ્કત વાદીના માલીકી કબ્જાભોગવટામા હોય તેવી વિગત રજુ પુરાવા આધારે પુરવાર થયાનુ જણાયેલ નથી.

**વધુમા** વાદવાળી જમીનનો **સત્તા પ્રકાર લેન્ડ રેવન્યુ કોડની ''કલમ.૭૩ એએ''** જણાયેલ છે. સદર કાયદાકીય જોગવાઈ વંચાણે લેતા તે નીચે મુજબ છે.

"73AA Restriction on transfer of occupancies of tribals to tribals or non-tribals.-

(1) Notwithstanding anything contained in section 73, an occupancy of a person belonging to any of the Scheduled Tribes hereafter in this section and in section 73AB referred to as 'the tribal' shall not be transferred to any person without the previous sanction of the Collector.

(2) The previous sanction of the Collector under sub-section (1) may be given in such circumstances and subject to such conditions as may be prescribed."

આ કાયદાકીય જોગવાઈ ધ્યાનમા લેતા કલેકટરશ્રીની પૂર્વપરવાનગી વિના નિયંત્રિત સત્તા પ્રકારની જમીન તબદીલ કરી શકાય નહી.વાદવાળી મિલ્કત બે ગુઠા જમીનના વ્યવહાર સબંધે સદર કાયદાકીય જોગવાઈ અનુસાર કલેકટરશ્રીની પૂર્વપરવાનગી લેવામાં આવેલ હોય તેવી વિગત જણાયેલ નથી. આમ વાડાની કુલ જમીનમાંથી વાદીના

કબ્જે બે ગુંઠા જમીન હોવાની સ્વીકૃત વિગત ધ્યાનમા લેતા તે વ્યવહાર કાયદાકીય જોગવાઈનુ પાલન થયેલ હોય તેવુ જણાયેલ નથી. **આમ કાયદાની જોગવાઈનુ પાલન થયા વિના કોઈ વ્યવહાર થયેલ હોય તો તે કાયદેસરનો ગણી શકાય નહી.** આમ આ વિગત ધ્યાનમા લેતા વાદવાળી જગ્યા વાદીની માલીકી કબ્જા ભોગવટાની છે તેવી વિગત પુરવાર થતી હોવાનુ માની શકાય નહી. વાદીપક્ષ તર્ફે થયેલી મૌખિક રજુઆત ધ્યાનમા લીધી. દાવાની વિગતે રજુ પક્ષનિવેદન અને તે સબંધના સમગ્ર પુરાવાના મુલ્યાંકનના કારણ ધ્યાને લેતા વાદીપક્ષની રજુઆત સાથે સમંત થવુ ઉચિત જણાયેલ નથી. આમ નિર્માણ કરવામા આવેલ મુદ્દાની વિગત અને તે સબંધે રજુ પુરાવો અને તેના મુલ્યાંકનના કારણ ધ્યાને લેતા વાદવાળી જગ્યાની માલિકી અને મકાનની ચોકકસ સ્થળસ્થિતિની વિગત પુરવાર થતી હોવાનુ જણાયેલ નથી. વધુમા પ્રતિવાદીઓએ વાદવાળી જમીનમા દબાણ કરવા પ્રયત્ન કરી રહેલ હોય તેવી વિગત પણ પુરવાર થતી હોવાનુ જણાયેલ નથી જેથી મુદ્દા નં. ૧ અને ૨ ની વિગત વાદીની તરફેણમા પુરવાર થતી હોવાનુ જણાયેલ નથી તેથી બંને **મુદ્દાનો જવાબ નકારમા** ઠરાવવામા આવે છે.

**(૧૧)...<u>મુદ્દા નં. ૩</u>**

<u>સદર મુદ્દાની વિગત ધ્યાને લઈ વિચારણા કરતા વાદવાળી જમીન સબંધનો વ્યવહાર કાયદા અન્વયેનો માન્ય વ્યવહાર જણાયેલો નથી.</u> મકાન નં.૪૦૩ વાદી જણાવે છે તેવા વાડામા આવેલ હોવાની વિગત પુરવાર થયેલ નથી. વાદીના નામે મિલ્કત નં. ૪૦૩ તથા ૩૫૭ આવેલ હોવાની વિગત આકારણી પત્રકના દસ્તાવેજે જણાયેલ છે. પ્રતિવાદી તર્ફે આંક. ૪૯ થી સુમનભાઈ ઈશ્વરભાઈ વસાવા (પ્રતિવાદી નં. ૪) ની સોગંદઉપર જુબાની રજુ થયેલ છે. તેમા તેઓએ જણાવેલ છે કે, ઘર નંબર ૪૦૩ વાડા નંબર ૭૪ મા પડેલ નથી પરંતુ વાદીએ તેમના નામે આવેલા ઘરનો નંબર જણાવેલ છે અને કોર્ટને ગેરમાર્ગે દોરેલ છે. વાદીનુ મકાન આ વાડાની જમીનમા આવેલ છે તેવી વિગત તેઓ ધ્વારા કબુલ રાખેલ નથી. વાદીનુ મકાન કયા વાડાની જમીનમા આવેલ છે તેવો પુરાવો પણ તેઓએ રજુ રાખેલ નથી પરંતુ સ્વેચ્છાએ કેસ કર્યો તે સમયે મકાન બાંધેલુ તેવી વિગત જણાવેલી છે. આમ આ વિગત ધ્યાને લેતા વાદીનુ વાદવાળી મિલ્કતમા મકાન હોય તેવી વિગત માનવાને કારણ રહે. આમ,

મૌખિક પુરાવાની વિગત ધ્યાને લઈ રજુ થયેલા દસ્તાવેજી આધાર વંચાણે લેતા સર્વે નં. ૫૦૨ ના ૭×૧૨ ના તથા ગામ નમુના નં. ૬ ના હકકપત્રકના દસ્તાવેજી આધારમા વાદવાળી મિલ્કતના કબ્જેદાર તરીકે પ્રતિવાદીઓના નામ તથા ચીમનભાઈ વૈરાગીભાઈનુ નામ છે. આ દસ્તાવેજી આધારોની વિગતે મકાન કે તે સંલગ્ન ખુલ્લી જમીન હોય તે રીતની વિગત જણાયેલ નથી. આમ રજુ મૌખીક અને દસ્તાવેજી પુરાવાની વિગત અને તે મકાન સબંધની સ્વીકૃત વિગત વગેરે ધ્યાને લેતા પ્રતિવાદીપક્ષ સદર મુદ્દાની વિગત પુરવાર કરી શકતા હોવાનુ જણાયેલ નથી તેથી **મુદ્દા નં. ૩ નો જવાબ નકારમા** ઠરાવવામા આવે છે.

**(૧૨)...મુદ્દા નં. ૪**

સદર મુદ્દાની વિગત ધ્યાને લઈ વિચારણા કરતા મુદ્દા નં. ૧, ૨ નકારમા ઠરેલ છે. વાદવાળી જમીન સબંધમાં કાયદેસર રીતે માન્ય વહેવાર જણાયેલ નથી. સ્પેશીફીક રીલીફ એકટની કલમ. ૩૬ થી ૩૮ ની જોગવાઈઓ ધ્યાનમા લેતા નિવારક દાદ કેવી રીતે અપાય તે બાબતે જણાવેલ છે કે, નિવારક દાદ કોર્ટની વિવેકબુધ્ધિને અનુસાર હંગામી અથવા કાયમી મનાઈહુકમથી આપવામા આવતી હોય છે. હંગામી અને કાયમી મનાઈહુકમ વાદીના હકકથી વિરૂધ્ધ હોય એવો હકક પ્રતિપાદિત કરવાની અથવા એવુ કાર્ય કરતા પ્રતિવાદી ને કાયમને માટે મનાઈહુકમ ફરમાવવામા આવતો હોય છે તથા વાદીની તરફેણમા સ્પષ્ટ કે ગર્ભિત રીતે વિધ્યામાન હોય તેવી કોઈ જવાબદારીનો ભંગ થતો અટકાવવા માટે આપવામા આવતો હોય છે. વાદીની મિલ્કતના હકક ઉપર અથવા તો ભોગવટા ઉપર પ્રતિવાદી ધ્વારા આક્રમણ કરવામા આવે તેમ કરવાની ધમકી આપવામા આવે ત્યારે આવા મનાઈહુકમ ફરમાવવામા આવતા હોય છે. આ કામે વાદીનો માલિકી હકક કાયદા માન્ય રીતે સ્થાપિત થતો હોવાનુ જણાયેલ નથી ત્યારે તથા સર્વે નંબર ૫૦૨ વાળી મિલ્કતના માલિક કબ્જેદાર તરીકે પ્રતિવાદીઓ હોવાની વિગત રેકર્ડે જણાયેલ છે ત્યારે ઘર નં. ૪૦૩ ની પશ્ચિ્રમ દિશા તરફની જમીન સબંધે કાયમી મનાઈહુકમ મેળવવા હકકદાર થતા હોવાની વિગત જણાયેલ નથી અને જેથી **મુદ્દા નં. ૪ નકારમા ઠરાવી** મુદ્દા નં. ૫ માટે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો યોગ્ય, ન્યાયી અને વ્યાજબી જણાયેલ છે તેથી નીચે મુજબ આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**// હુકમ //**

(૧).....વાદીઓનો દાવો આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨)..... પક્ષકારોએ પોતપોતાનો ખર્ચ જાતે ભોગવવો.

(૩).... હુકમ મુજબ હુકમનામું દોરવુ.

આ હુકમ આજ તારીખ: ૩૦ મી, માહે: માર્ચ, સને વર્ષ–૨૦૨૬ ના રોજ રાજપીપળા મુકામે ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૩૦/૦૩/૨૦૨૬.
મુકામ : રાજપીપળા.

**(વિનોદકુમાર દિનુભાઈ પટેલ)**
અધિક સિનિયર સીવીલજજ અને
ચીફ જયુડી.મેજી.રાજપીપળા,નર્મદા.
**(Judge Code : GJ-01148)**